# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના વિવિધ ખાતાના વડાઓ હસ્તકના જુદા જુદા સંવર્ગોની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ ભરવા માટે તા. ૦૩/૦૨/૨૦૧૬ ના રોજ સંયુકત જા.ક્ર. ૬૨/૨૦૧૫૧૬ થી ૬૪/૨૦૧૫૧૬ પ્રસિદ્ધ કરી લાયક ઉમેદવારો પાસેથી ઓન-લાઇન અરજીપત્રકોના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તે દરમ્યાન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તા. ૧૭/૦૨/૨૦૧૬ ના જાહેરનામાથી જા. ક્ર. ૬૪/૨૦૧૫૧૬, ફિઝિયોથેરાપીસ્ટ/ ટયુટર કમ ફિઝિયોથેરાપીસ્ટ અને ફિઝિયોથેરાપીસ્ટ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતમાં સુધારો બહાર પાડતાં તે અન્વયે મંડળની ઉકત જા.ક્ર. ૬૪/૨૦૧૫૧૬ માં તા. ૧૭/૦૨/૨૦૧૬ ના રોજ મંડળ દ્વારા નીચે મુજબની સુધારા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

## સુધારા જાહેરાત

જા. ક્ર. ૬૪/૨૦૧૫૧૬- ફિઝિયોથેરાપીસ્ટ/ ટયુટર કમ ફિઝિયોથેરાપીસ્ટ અને ફિઝિયોથેરાપીસ્ટ

મંડળ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના કેટલાક ખાતાના વડાઓ હસ્તકના જુદા જુદા સંવર્ગોની સીધી ભરતીની જગ્યાઓ ભરવા માટેની તા. ૦૩/૦૨/૨૦૧૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ સંયુકત જા.ક્ર. ૬૨/૨૦૧૫૧૬ થી ૬૪/૨૦૧૫૧૬ પૈકીની જા.ક્ર. ૬૪/૨૦૧૫૧૬ માટે ઉકત સંયુકત જાહેરાતના પૃષ્ઠ ૪ અને ૫ પર વર્ણવવામાં આવેલ વય મર્યાદા અને શૈક્ષણિક લાયકાતમાં (ખ) (૨) માં મંડળ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૭/૦૨/૨૦૧૬ ના જાહેરનામાની વિગતોના આધારે નીચે દર્શાવ્યા પ્રમાણેનો સુધારો બહાર પાડવામાં આવે છે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

| જાહેરાતના ફકરા નં. ૪ (૧) માં જા.ક્ર. ૬૪/૨૦૧૫૧૬ ની શૈક્ષણિક લાયકાતના (ખ) (૨) માં દર્શાવેલ વિગતો | સુધારા મુજબની વિગતો |
|---|---|
| (ખ) (૨) ઉમેદવારે ઇન્ડીયન એસોસિએશન ઓફ ફિઝિયોથેરાપીસ્ટમાં તેઓનું નામ રજીસ્ટર્ડ કરાવીને રજીસ્ટ્રેશન મેળવેલ હોવું જોઇશે અને જો ઓન-લાઇન અરજી કરતી વખતે તેમ કરેલ ન હોય તો ફિઝિયોથેરાપીસ્ટ એકટ-૨૦૧૧ અન્વયે ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીસ્ટમાં તેઓનું નામ રજીસ્ટર્ડ કરાવેલ હોવું જોઇશે. (એટલે કે ઉમેદવારે ઉકત રજીસ્ટ્રેશન જાહેરાતમાં દર્શાવેલ નિર્ધારિત તારીખ ૧૮/૦૨/૨૦૧૬ ની સ્થિતિએ કરાવેલ તેમજ ચાલુ હોવું જોઇશે.) | (ખ) (૨) પસંદગી પામેલ ઉમેદવારે ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયો થેરાપી એકટ-૨૦૧૧ અન્વયે ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીની રચના થયા બાદ તેઓનું નામ ઉકત કાઉન્સિલમાં તુરત જ રજીસ્ટર્ડ કરાવી લેવાનું રહેશે. (એટલે કે ઉમેદવારે ઉકત રજીસ્ટ્રેશન ઓન-લાઇન અરજીપત્રક ભરતી વખતે મેળવેલ ન હોય તો પણ તે ઓન-લાઇન અરજીપત્રક ભરી શકશે પરંતુ ઉમેદવારે તેવું રજીસ્ટ્રેશન પસંદગી પામ્યા બાદ ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીની રચના થયા બાદ તુરત જ મેળવી લેવાનું રહેશે. ) |

(૧) મૂળ જાહેરાત અનુસાર જા.ક્ર. ૬૨/૨૦૧૫૧૬ થી ૬૪/૨૧૫૧૬ માટે ઓન-લાઇન અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૧૮/૦૨/૨૦૧૬ રાત્રિના ૨૩-૫૯ કલાક સુધીની હતી તે પૈકીની ફકત જા.ક્ર. ૬૪/૨૦૧૫૧૬ માટે હવે ઓન-લાઇન અરજીપત્રક ભરવા માટેની છેલ્લી તા. ૨૫/૦૨/૨૦૧૬ રાત્રિના ૨૩-૫૯ કલાક

સુધીની રહેશે. અને જનરલ કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી ભરવા માટેની છેલ્લી તારીખ ૨૯/૦૨/૨૦૧૬ (૧૭-૦૦ કલાક) સુધીની રહેશે. તે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૨) જા.ક્ર. ૬૪/૨૦૧૫૧૬ ના તમામ ઉમેદવારો માટે તા. ૦૩/૦૨/૨૦૧૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં વર્ણવ્યા મુજબની અન્ય તમામ સૂચનાઓ અને શરતો યથાવત રહેશે. (જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટેની નિયત તા. ૧૮/૦૨/૨૦૧૬ સહિત)

(૩) આ સુધારો માત્ર જા.ક્ર. ૬૪/૨૦૧૫૧૬ ના ઉમેદવારો માટેનો હોઇ અનય જા.ક્ર. ૬૨/૨૦૧૫૧૬ અને જા.ક્ર. ૬૩/૨૦૧૫૬ ના ઉમેદવારો માટે ઓન-લાઇન અરજીપત્રક ભરવા અને જનરલ કેટેગરીના ઉમેદવારોને પરીક્ષા- ફી ભરવાની છેલ્લી તારીખમાં કોઇ ફેરફાર કરેલ નથી. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

સ્થળઃ- ગાંધીનગર

તારીખ- ૧૭/૦૨/૨૦૧૬

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ગાંધીનગર